બાળમિત્રમાળા

પુસ્તક ૧ લું



બાળ પ્રવાસ

લેખકઃ—

વાસુદેવ શંકર

'બાસિ. ગ્રે. મુનિ'

બહાર ગામના ઓર્ડરો જોઈએ છીએ
શરતોને માટે લખો:-

વ્યવસ્થાપક
આર્યમિત્ર ઓફીસ
રણછોડ લાઈન, પ્રિન્સેસસ્ટ્રીટ,
કરાંચી.

બાળ પ્રવાસ.

લેખક:—વાસુદેવ શંકરલાલ શુક્લ.
આસિ. ડે. મ્યુનિસિપલ સ્કૂલ્સ—કરાંચી.

પ્રકાશક:—રતિલાલ દામજી ભટ્ટ.
વ્યવસ્થાપક. બાળમિત્ર માળા—કરાંચી.

પ્રથમાવૃત્તિ. પ્રત. ૧૦૦૦.

સપ્ટેમ્બર સને ૧૯૧૬.

અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા—અમદાવાદ.

કીંમત એક આનો.

નિવેદન.

અમે પાંચમા અને છઠ્ઠા પુસ્તકમાં ફોટાઓ આપેલ નથી. તેથી અમારા ગ્રાહકોએ એમ ન ધારવું કે હવે પછી ફોટાઓ આવવાના નથી. આ માળાનું સાતમું પુસ્તક 'બાળકોની દિવાળી' બનતા સુધી ધનતેરશને દિવસેજ આપને મળી જાય તેવી સગવડ અમે કરેલી છે. અને તે પુસ્તકનું કદ વધારવાની સાથે તેમાં ફોટાઓ પણ બની શકે તેટલા વધારે આપવાનો બંદોબસ્ત થઇ ગયો છે. અમારા બાળમિત્રોને વધારે આનંદ પડે તેવું કામ કરવાને અમે હમેશાં તત્પરજ છીએ.

જે બંધુઓનાં લવાજમ બાકી રહેલાં છે, તેઓએ બનતી તાકીદે મોકલી આપવા મહેરબાની કરવી.

વ્યવસ્થાપક.

અનુક્રમણિકા.

બાળમિત્ર કાર્યાલય.

આ કાર્યાલયનું કામ કેવળ સમાજ સેવાનેજ અર્થે પાંચ સાત ઉત્સાહી સ્વયંસેવકોના ઉત્સાહથી શરૂ થયું છે.

ઉદ્દેશઃ–૧ બાળમિત્ર માળાનાં પુસ્તકોદ્વારા બાળકોને ધાર્મિક, નૈતિક અને વ્યવહારિક શિક્ષણ આપવું.

૨ બની શકે તેટલું સસ્તું અને મફત વાંચન બાળકોમાં ફેલાવવું.

૩ બાળકોની ડીબેટીંગ સોસાઇટી સ્થાપી ભાષણોથી તેમના જ્ઞાનમાં વધારો કરવો.

૪ બાળોપયોગી પુસ્તકોની સરક્યુલેટીંગ લાયબ્રેરી સ્થાપી બાળકોમાં વાંચનનો શોખ જાગૃત કરવો.

ઉપરના ઉદ્દેશોમાંથી પહેલા અને બીજા ઉદ્દેશની શરૂઆત થઇ ચૂકી છે. અને તેને વિશેષ ખીલવવાના અમારા પ્રયત્નો ચાલુ છે.

બાળમિત્ર માળાનાં પુસ્તકો છપાવવાનું માત્ર ખર્ચ ઉપાડવાને માટેજ તેનું વાર્ષિક લવાજમ રૂા. ૦–૧૨–૦ રાખેલું છે. તેમાં ૬ પુસ્તકો બહાર પડી ચૂક્યાં છે.

ચાલુ વર્ષમાં હવે પછી પ્રગટ થવાનાં પુસ્તકો.

*૧ માબાપની સેવા	(સચિત્ર)	૭ બાળકોની દિવાળી.	(સચિત્ર)
*૨ હિન્દનાં બાળકો	(સચિત્ર)	૮ બાળકોની કવિતાઓ	(સચિત્ર)
૩ બાળ શિક્ષણ	(સચિત્ર)	૯ વાવે તેવું લણે	(સચિત્ર)
૪ નાની નાની વાતો	(સચિત્ર)	૧૦ બાળ સેવા	
૫ બાળ સંવાદ		૧૧ સિંધના ઇતિહાસની વાતો	(સચિત્ર)
૬ બાળ પ્રવાસ		૧૨ બાળકોની ફુલવાડી.	(સચિત્ર)

* આ પુસ્તકો ગોંડલ સ્ટેટ કેળવણી ખાતાએ પોતાની સ્કુલોમાં ઇનામ તથા સ્કુલ લાયબ્રેરીને માટે મંજુર કર્યા છે.

નીચે લખેલા ગૃહસ્થો તરફથી પ્રતિમાસે બાળમિત્ર માળાનાં પુસ્તકો બાળકોમાં મફત વહેંચાય છે.

૫૦	પુસ્તકો			એક સખી ગૃહસ્થ તરફથી.	
૩૨	,,			શ્રીમાન્ શેઠ ગુલામઅલી ગુલામહુસેન ચાગલા તરફથી.	
૨૫	,,	,,	,,	મોરારજી અમરશી તરફથી.	
[illegible]		,,	,,	હરચંદરામ વિસનદાસ તરફથી.	
૨૦	,,	,,	,,	ગુલામહુસેન કાસમ	,,
૨૦	,,	,,	,,	વિશ્રામ નરસી	,,
૧૬	,,	,,	,,	નારાયણદાસ આણંદજી ચેચર તરફથી.	
૧૬	,,	,,	,,	શિવજી કુંવરજી ઠ. ભીમજીભાઈ	,,
૧૬	,,	,,	,,	એક સખી ગૃહસ્થ	,,
૧૬	,,	,,	,,	એક સખી ગૃહસ્થ	,,
૧૬	,,	,,	,,	મહારાજ સુંદરલાલજી ઇચ્છાપુરેન	,,
૧૬	,,	,,	,,	દામજી કુંવરજી ભીમજી	,,
૧૬	,,	,,	,,	રવજી ઝવેરચંદ	,,
૮	,,	,,	,,	પ્રજારામભાઈ	,,

મકાન ભાડું અને પુસ્તકોના ખર્ચને પહોંચી વળવાનું સામર્થ્ય હજી અમારામાં નહિ હોવાથી અમે ડીબેટીંગ સોસાઈટી અને સરક્યુલેટીંગ લાયબ્રેરીની સ્થાપના કરી શક્યા નથી. પરન્તુ ઇશ્વર કૃપાથી અને શ્રીમાનોની સહાયથી ભવિષ્યમાં અમે અમારા એ ઉદ્દેશો પણ પાર પાડવાને શક્તિમાન થઈશું.

વ્યવસ્થાપક.

બાળમિત્ર કાર્યાલય—કરાંચી.

કાર્લીની ગુફાઓ.

અમારી સ્કૂલના માસ્તર સાહેબ બહુ ભલા ને માયાળુ છે. તેઓ અમારી સાથે રમત ગમત વગેરેમાં ઉત્સાહથી ભાગ લે છે. ને અમારા મિત્રની માફકજ વર્તે છે. રજાના દિવસોમાં તે અમોને કાંઇ કાંઇ નવું નવું જોવા લઇ જાય છે. રવિવાર જેવા દિવસોએ અમે તેમની સાથે ફરવા જઇએ છીએ. બહાર ફરવા જઇએ ત્યાં માસ્તર સાહેબ અમને સૃષ્ટિસૌંદર્ય જોતાં શીખવે છે. લાંબી રજાઓમાં (ઉનાળાની-ગરમીની રજાઓમાં) તેઓ અમને લાંબી મુસાફરીએ લઈ જાય છે. લાંબી મુસાફરીએ જ્યારે જવાનું હોય, ત્યારે અમોને તૈયારી કરવા માટે બે ચાર દિવસ અગાઉથી ખબર આપવામાં આવે છે. ને તે વખતે અમે બહુ ખુશ થઇએ છીએ.

અમારી નિશાળ મુંબઇમાં એક પ્રખ્યાત લત્તાપર આવેલી છે. ત્યાંથી આગગાડીનું સ્ટેશન તદ્દન નજીકજ છે. એટલે જ્યારે અમારે રેલવેની મુસાફરી કરવાની હોય ત્યારે બહુ સગવડરૂપ છે.

ગઇ સાલ ઉન્હાળાની રજા પડવાની હતી, ત્યારે બે દિવસ અગાઉથી અમારા માસ્તર સાહેબે જણાવ્યું કે તા. ૧૫ મી મે થી રજા પડવાની છે. માટે તે દિવસે આપણે કાર્લીની ગુફાઓ જોવા ઉપડી જઇશું.

આ ખબર સાંભળી અમે બહુ ખુશ થયા. કાર્લીની ગુફાનો અમે ચોથી ચોપડીમાં માત્ર પાઠજ વાંચ્યો હતો. ને તે નજરે જોવાનું અમને ઘણું મન હતું. એટલે અમારા હર્ષનો તો પારજ ન રહ્યો.

નક્કી કરેલો દિવસ આવી લાગ્યો. અમે આગલે દિવસે રાત્રે અમારા માસ્તર સા. પાસે આવી રહ્યા. ગરમીના દિવસો હતા એટલે અમારે સવારની ૪ વાગ્યાની ગાડી પસંદ કરવી પડી. આગળને દિવસે અમે ટીકીટો મેળવી રાખેલી હતી. એટલે સવારમાં ગાડીમાં બેસતાં કાંઇ મુશ્કેલી નડી નહિ.

મારે જણાવવું જોઇએ કે મુંબઇથી કાર્લીની ગુફાઓ જોવા જવું હોયતો જી. આઇ. પી. રેલવેના માર્ગે જવાય છે. આ રેલવેનું મુંબઇનું બીજું સ્ટેશન 'મસ્જીદ' અમારી નિશાળની પાસેજ છે. એટલે અમે તેજ સ્ટેશનેથી ગાડીમાં દાખલ થયા.

હર્ષના પોકારો સાથે અમે બધા એક ડબ્બામાં બેઠા. ડબ્બામાં અમારા સિવાય બીજું કોઇ ન હતું. એટલે જાણે આખો ડબો અમારે રીઝર્વ્ડ કરાવેલો હોય, તેમ જણાતું. અમે પંદર વિદ્યાર્થીઓ, બે માસ્તર સાહેબો ને એક રસો-ઇઓ તથા એક પટાવાળો મળી આશરે વીસેક માણસો

હતા. એટલે જે ડબામાં બેસીએ ત્યાં થોડીજ જગા બાકી રહેતી.

ગાડી ચાલવા લાગી. હજી પહોરેક રાત્રી હતી. તેથી તેમજ ગઈ રાતે આનંદના આવેશમાં કેટલાકે બીલકુલ નિદ્રા નહિ લીધેલી હોવાથી મારા ઘણા મિત્રો નિદ્રાના પંજામાં સપડાયા.

ધીમે ધીમે અંધકારનો નાશ થવા લાગ્યો. ને સૂર્યદેવ પોતાના કોમળ કરથી સર્વ પ્રાણી માત્રને જાગૃત કરવા લાગ્યા. સૂર્યદેવના આગમનથી જેમ તારા સંતાઈ જાય છે, તેમ અમારી નિદ્રાદેવી પણ તેમનાથી ડરીને ચાલી ગઈ.

જાગૃત થયા એટલે અમે વધારે આનંદિત થયા. રેલવેએ પોતાની ધમાલ, વેગ વગેરેથી અમોને આશ્ચર્યચક્તિ બનાવ્યા. કલ્યાણ સ્ટેશન છોડયા પછી અમે બહુ ખુશ થવા લાગ્યા. કારણકે કલ્યાણથી આગગાડીનો રસ્તો જોવા જેવો, ગણાય છે. ઘણા માણસો આ રસ્તો ખાસ જોવા માટેજ ઘણે દૂરથી અહીં મુસાફરી કરવા આવે છે.

આ સ્ટેશનથી થોડક સુધી સરખી જમીન આવ્યા બાદ ડુંગરની ચઢતી ઢાળવાળી જગા આવવા લાગી. આ ચઢાવ માટે ગાડીને બંને તરફ એંજીનો જોડવામાં આવે છે. રસ્તો ડુંગરમાંજ કોરી કાઢેલો છે. મુલક અતિશય પહાડી હોવાથી સંહ્યાદ્રિ પર્વતને ચીરી વચ્ચેથી રસ્તો કરવો પડયો છે. કેટલેક ઠેકાણે જ્યાં સાફ રસ્તો કરી શકાયો નથી, ત્યાં

અંદર ભોંયરા જેવું કરી, રેલવેને પસાર કરવામાં આવેલ છે. જે ભોંયરા જેવો, મતલબ કે ખીણોવાળો રસ્તો છે, તે ખીણોને ટનલ કહેવામાં આવે છે. અને કલ્યાણથી લોનાવળી સુધીમાં આવા ૨૫ ટનલ ઓળંગવા પડે છે. ટનલમાંથી ગાડી પસાર થતી, ત્યારે અમારૂં વિદ્યાર્થી મંડળ કોઈ દિવસ નહિ જોએલો દેખાવ જોઇ (ધોળે દિવસે ગાડીમાં થતા દીવા વગેરે જોઇ) અતિશય હર્ષની ગર્જના કરતું હતું. ને અમારા માસ્તર સા. પણ તેમાં ભાગ લેતા હતા. આ રસ્તામાં ઇશ્વરની અગાધ શક્તિનું ભાન થયા વગર રહેતું નથી. તેની અપાર લીલા સર્વત્ર પ્રસરેલી જણાય છે. રસ્તા પરનાં લીલાં સુંદર વૃક્ષોની ઘટા, ડુંગરના ઢોળાવ, ખીણો વગેરે જોઈ પ્રભુની પ્રભુતાનો સહજ ખ્યાલ આવ્યા સિવાય રહેતો નથી. અમને આ વખતે, નીચેની કવિતા વારંવાર યાદ આવ્યા કરતી.

" જ્યાં જોઉં ત્યાં અપાર લીલા, અકળગતિ આકાર દયાનિધિ. "

સાથે સાથે અમારા માસ્તર સાહેબો પણ સમજાવતા કે આવો અજબ રીતે પહાડમાંથી પણ રસ્તો કરવાનું જોખમ ખેડનાર અંગ્રેજી પ્રજાની આથી ખરેખરી હીંમત, દ્રઢતા અને બુદ્ધિચાતુર્ય જણાઇ આવ્યા વગર રહેતું નથી. તેમજ આવાં કામ કરવામાં કેટલા જીવ તથા નાણાંનો ભોગ આપવો પડયો હશે, તેનું પણ અનુમાન કરાવતા

હતા. રસ્તામાં કેટલેક ઠેકાણે ઘણી એકાન્તની ગુફાઓ જોવામાં આવતી. કેટલેક ઠેકાણે રસ્તો એટલો બધો ઉંચો આવતો. કે ત્યાંથી નીચે રહેલી ઝાડી, તેમાંનાં જંગલી પશુ-ઓ વગેરે સાફ નજરે દેખાઈ આવતાં હતાં. કમનસીબે જો કોઈ ત્યાંથી પડયું હોય, તો તેનો પત્તો લાગવો પણ મુશ્કેલ હતો.

આશરે નવેક વાગે આ સઘળો દેખાવ બંધ થવા લાગ્યો. અને અમારૂં ઉતરવાનું સ્થળ લોનાવળી નજીક આવતું જણાયું. અમે બધા હવે ઘણી આતુરતાથી અમારે ઉતરવાના સ્ટેશનની રાહ જોવા લાગ્યા. તેવામાં સ્ટેશન આવ્યું. અને અમે સઘળા આનંદિત મુખે નીચે ઉતર્યા. ત્યાં સ્ટેશનપર અમારા માસ્તર સાહેબોના કેટલાક ઓળખીતા સજ્જનોએ અમારા માટે ખાસ હાજરી આપી હતી. તેઓની સાથે અમે સઘળા શિવજી મનજીના સેનીટોરીઅ-મમાં આવી પહોંચ્યા. આ સેનીટોરીઅમ અંગ્રેજી બાંધણીનું, અને સગવડવાળું હતું. પરંતુ ત્યાં ગામની સ્થિતિને લીધે દરેક જરૂરી વસ્તુઓ મળી શકતી ન હતી. અમોએ તો મુંબઈથીજ બધી ગોઠવણ કરી રાખેલી હતી. એટલે અમને કાંઈ મુશ્કેલી નડી નહિ. આ મકાનમાં હવા અને પ્રકાશ પૂરતાં હતાં. અને ફરતો નાનો સરખો બગીચો હતો. બગીચામાં ઠેકાણે ઠેકાણે ખુરશી, ટેબલ, કોચો વગેરે રાખેલાં

હતાં. અને જુદી જુદી રમતો રમવાની ગોઠવણો પણ હતી. અમારા સાથીઓ જો કે મુંબઇના વિદ્યાર્થીઓ હોવાથી તેમને હિંદુસ્તાનના બીજા ભાગોમાં જોવા જેવું થોડુંજ જણાય છે, તો પણ તેઓ સારી હવા, બગીચા, રમત ગમતનાં વિશાળ સ્થાનો વગેરેથી અત્યંત ખુશી થાય છે. અમે પણ આવી સગવડો મળવાથી બહુ ખુશ થયા. અને જમ્યાબાદ તરતજ આગળની રાતનો ઉજાગરો હોવા છતાં તે સાધનોનો બહોળો ઉપયોગ કરવા લાગ્યા.

લોનાવળી ગામ રેલ્વેનું મોટું જંકશન છે. અને હવા ખાવાનાં સારામાં સારાં સ્થળોમાંનું તે એક છે. તે ઉંચી ડુંગરી પર બાંધેલું છે. અને મુંબઇના ઘણા ખરા શેઠીઆઓએ ત્યાં હવા ખાવા માટે બંગલા બનાવેલા છે. અહીંઆં ત્રણ મોટાં તળાવો છે તે ડુંગરની ટેકરીઓની હારથી બનાવેલા છે. આ ત્રણે તળાવોનું પાણી એકઠું કરી મી. તાતાની કંપનીએ મુંબઈમાં વિજળી પૂરી પાડવાનું મોટું સાહસ ઉઠાવી, તેને લગતું કામ શરૂ કરી દીધું છે અને તેમાંથી નહેરા વડે પાણી પસાર કરવાની ગોઠવણો ચાલે છે.

લોનાવળી (લાનોલી) માં અમે ત્યાંના રમણીય દેખાવો જોવા એકાદ બે દિવસ રોકાયા. અહીંથી કાર્લીની ગુફા જોવા જવા માટે બીજે દિવસે સવારની ૬ વાગ્યાની ગાડીમાં ગયા. અહીંથી પહેલું સ્ટેશન મળવલી છે. ત્યાં જતાં

રેલવેના માત્ર દશેક મિનિટનો રસ્તો છે. અહીંથી કાર્લીની ગુફાઓ જોવા જવાય છે. મળવલી ગામ બહુજ નાનું છે. છતાં ખાસ કાર્લીની ગુફા માટેજ સ્ટેશન કરેલું છે. સ્ટેશનથી આશરે દોઢ માઇલ પર કાર્લી ગામ છે. અને ત્યાંથી ગુફાઓ લગભગ ૩. માઇલ દુર છે. મળવલી સ્ટેશનપર વાહનો મળી શકતાં નથી. પરંતુ રસ્તે ચાલતાં ચાલતાં અથવા અગાઉથી તજવીજ કરી રાખેલી હોય, તો મળી શકે છે. મળવલી સ્ટેશનથી ઠેઠ ગુફાઓ સુધી સડક બાંધેલી છે. અને રસ્તામાં ઠામ ઠામ હવા ખાવાના બંગલાઓ છે.

ગુફાઓમાં જવા માટે પર્વતપર ચઢાવવાળો એકાદ માઇલનો રસ્તો છે. ગુફાઓમાં મુખ્ય સ્થાન સભા મંડપનું છે. આ મંડપ કોતર કામનો એક આબેહુબ નમુનો છે. ઠેકાણે ઠેકાણે બુદ્ધ દેવની શિલાની મૂર્તિઓ છે. આગળના ભાગમાં (સભા મંડપના દરવાજાના ભાગમાં) બન્ને તરફ ચાર ચાર હાથીઓ કોતરી કાઢ્યા છે. અહીં એક શિલા લેખ જે પાલી ભાષામાં છે અને તે શિલા લેખપરથી આ કોતર કામ ક્યારે કરવામાં આવ્યું, તે જાણી શકાય છે. સભા મંડપમાં અંદરના ભાગમાં બુદ્ધ દેવની કબર છે. આ કબર બુદ્ધ દેવના શરીરના અમુક અસ્થિ દાટી તે ઉપર બનાવવામાં આવેલી છે એમ ત્યાંના લોકો જોવા જનારને જણાવે છે. ઇતિહાસમાં તઘલખ વંશમાં થઈ ગએલ મહમદ

ગાંડાએ પણ પોતાના પડી ગએલા દાંતપર કબ્જર ચણાવી હતી. આથી અનુમાન થાય છે, કે કદાચ તે રાજા પણ બુદ્ધ ધર્માનુયાયી હોય! આ સભા મંડપની બહાર પાછળ બનાવેલું એક માતાનું દેવળ છે તેને અંબાઈ માતાનું દેવળ કહે છે. દરેક ગુફા જોવા જનારને પહેલાં આ માતાનાં દર્શન કરાવવામાં આવે છે. આ માતાની મૂર્તિને અવયવમાં માત્ર બે આંખોજ હતી અને શણગાર માટે સિંદુરજ હતું.

આ સભા મંડપની આસપાસ બીજા ત્રણ વિભાગો વાળ્યા હોય તેવી રીતે ગુફાઓ છે. આ ગુફાઓમાં બબ્બે સ્નાનાગાર બનાવેલા છે. તેમજ વિદ્યાર્થીઓને રહેવા માટે ઓરડીઓની સગવડ કરેલી છે. આવી કુલ ૫૬ ઓરડીઓ છે. દરેક વિભાગ માટે એકાદ બબ્બે ખાસ ટાંકાં બનાવેલાં છે તેમાં નિર્મળ ઝરણુ વહે છે. ઓરડીઓ ઉપરાંત રહેવા માટેનો અમુક ભાગ મોટી ધર્મશાળાના ઓરડાના આકારનો છે; તેમાં પચાસેક માણસોને રહેવાની સગવડ છે. બુદ્ધ ધર્મની જાહોજલાલીનો ચિતાર આ ગુફાઓ જોવાથી દરેકના મનમાં આવ્યા સિવાય રહેતો નથી. તેમજ બુદ્ધનાં ધર્મ પુસ્તકોમાં "અહીં આઠસો શિષ્યો અધ્યયન કરતા" એ જણાવેલી હકીકત બીલકુલ અતિશયોક્તિવાળી નથી એમ ખાત્રી થાય છે.

ઘણું કરીને દરેક ધર્મ-યાત્રાનાં સ્થાનો એવી જગાએ

પસંદ કરવામાં આવે છે. કે ત્યાંનાં હવા, પાણી, કુદરતી દેખાવ વગેરેથી માણસના મનમાં સ્વાભાવિક રીતેજ ધર્મની લાગણી ઉત્પન્ન થાય. ગુફાઓની જગા પણ તેવીજ રમણીય છે. ત્યાં વૃક્ષની સારી ઘટા હોઈ એકાંતવાસને અનુકુળ છે. ગુફાઓ પાસે કેટલાંક મકાનો જોવા આવનારની સગવડ માટે બાંધેલાં છે પણ. તે મકાનો (ધર્મશાળાઓ) ફક્ત રાત વાસો સુવાની ગોઠવણુવાળી છે.

અહીંથી તળેટીમાં જોતાં ઠામ ઠામ વૃક્ષ ઘટા, ડુંગરની નાની નાની ટેકરીઓ, તેમાં વસેલાં નાનાં નાનાં ગામો, પતરાંનાં છાપરાંવાળા તે ગામોનાં ઝુંપડાં વગેરે જોઇ મનને આનંદ થાય છે.

ગુફાઓની આસપાસ નજર કરતાં સભા મંડપથી જરા દૂર એક કાકા બળીયાનુ સ્થાન છે. અહીં બાધા કરવા માટે ફરતા આઠ આઠ, દશ દશ ગાઉથી લોકો આવે છે. જે બાળકોને શીળીનો ઉપદ્રવ થયો હોય, તેની શાંતિ માટે આ બાધા કરવામાં આવે છે. કાકા બળીયાની જગા પાસે એક ઠેકાણે મહાદેવની જળાધારીવાળી, પાછળથી ત્યાં મૂકી દેવામાં આવી હોય તેવી, એક મૂર્તિ છે. આ મૂર્તિથી બુદ્ધધર્મની પડતી વખતે શંકરાચાર્યે બૌદ્ધના દરેક મઠોમાં શંકરની સ્થાપના કરી, તે વખતે અહીં પણ બૌદ્ધ ધર્મનું મોટું સ્થાન જાણી સ્થાપના કર્યાનું સૂચન થાય છે.

ગુફાઓમાં કેટલોક ભાગ અતી જીર્ણ થઈ ગએલો છે. પણ જ્યાં જ્યાં આવી જીર્ણતા છે, ત્યાં ત્યાં સમારકામ કરાવી સગવડમાં વધારો કરવામાં આવ્યો છે. કેટલેક ઠેકાણે ગુફાના બીજા માળપર ચડવા લાકડાના દાદરા બનાવી ગોઠવી દેવામાં આવ્યા છે. અને સભા મંડપના દરવાજાની કમાનનો ભાગ પણ લાકડાથીજ દુરસ્ત કરેલો છે.

ઉપરની બધી હકીકત માસ્તર સાહેબે અમે જેમ જેમ ગુફાઓ જોતા ગયા તેમ તેમ સમજાવી. પછી અમે ત્યાં ભાસ્તો લીધો. ને ત્યાંથી સ્ટેશન તરફનો રસ્તો લીધો.

પાછા આવતાં રસ્તામાં મુંબઈના ડાક્ટર સર ભાલચંદ્રે અમારે માટે ચાહ, પાણીની ખાસ ગોઠવણ કરાવેલી હતી. તેનો સત્કાર કરી અમે બાર વાગ્યાની ગાડીમાં લોનાવળી પાછા ફર્યા.

આજે અમોને ફરી ફરીને બહુ થાક લાગી ગયો હતો. એટલે તે દિવસ તો અમે લોનાવાળીમાંજ રહ્યા ને બીજે દિવસે પાછા મુંબઈ આવી પહોંચ્યા.

ગિરનાર પર્વત.

મિત્રો ? મારા બાપા જુનાગઢની દિવાની ઓફિસમાં સારા પગારદાર છે. અમારા રહેવાનાં ઘરની બરાબર સામેજ પવિત્ર ગિરનાર પર્વત આવેલો છે. દરરોજ સવારમાં ઉઠતાં મારી નજર ત્યાંજ જાય છે. ઘણીવાર આકાશનાં વાદળાં તેની ટોચપર વિસામો લેવા ઉતરતાં હોય, એવો દેખાવ મેં મારી નજરે જોયો છે. પર્વત ઉપરનાં સુંદર દહેરાંઓ મારા ઘરમાંથી જોતાં ધોળાં ધોળાં ટપકાં જેવાં દેખાય છે. આ દેખાવ જોતાં હમેશાં મને બહુજ આનંદ થાય છે.

એક વાર ચા પીતાં પીતાં મેં મારા બાપાને કહ્યું. "બાપા મને ગિરનાર જોવાનું ઘણું મન છે." મારા બાપાએ તરત એક દુરબીન મંગાવ્યું, અને મને તથા કુસુમ બ્હેનને અગાશીમાં બોલાવ્યાં. અમે દુરબીનમાંથી ગિરનાર પર્વત જોવા લાગ્યાં. અહા ! દુરબીનથી તો જાણે પર્વત અમારી પાસેજ આવ્યો હોય, તેમ જણાવા લાગ્યું. પેલાં ધોળાં ટપકાંઓને બદલે મનોહર દહેરાં જોઇને હું તો આભોજ બન્યો. ને રાજી રાજી થઇ ગયો.

હવે તો ગિરનાર પર ચઢવાને હું બહુજ આતુર બન્યો. મારી ઇચ્છા મારા બાપા તરજ જાણી ગયા. ખુશી થઇને તેઓએ ગિરનાર પર્વત પર જવાનું નક્કી કર્યું.

(૨)

આજે ચૈત્રી પૂનેમનો પવિત્ર દહાડો છે. ઘણાં વરસોથી આ દિવસે ગિરનાર પર્વત પર મોટો મેળો ભરાય છે. આ દિવસે દેશ દેશાવરથી ઘણાં માણસો જાત્રા કરવાને આવે છે. અને ગિરનાર પર અસંખ્ય માણસોની ઠઠ જામે છે.

જુનાગઢ શહેરમાં આજે ઉમંગ અને ધમાલ ચાલી રહ્યાં હતાં. લોકોનાં ટોળેટોળાં ગિરનારની પવિત્ર વાટે જતાં જોવામાં આવતાં હતાં. અમારા ઘરમાં પણ તેજ તૈયારી ચાલી રહી હતી. કુસુમ બેન તથા હું અમારી ગાડી આવવાની રાહ જોતાં અમારા ઘરના ઉમરામાં ઉભાં હતાં. ગાડી આવી, અમે ભાઇબેન, તથા મારાં માતાપિતા સૌ ગાડીમાં બેઠાં. અત્યારે મારૂં મન આનંદના ઉછાળા મારી રહ્યું હતું.

અમારી ગાડી વાઘેશ્વરી દરવાજેથી શહેર બહાર નીકળી. ગાડીની બંને બાજુએ જાત્રાળુ સ્ત્રી પુરૂષોની હારની હારો જતી હતી. તેઓની વચ્ચે પસાર થઈ અમારી ગાડી સપાટા બંધ ચાલી જતી હતી. સડકની જમણી બાજુએ વાઘેશ્વરી માતાનું સુંદર દહેરૂં દૂરથી અમારા જોવામાં આવ્યું. અમે ત્યાં ગઇ નવરાત્રિના દહાડામાં ગયેલાં હતાં, એટલે અમે ગાડીમાંથીજ માતાજીને નમન કર્યું.

આસગુળ. ચાલતાં મહારાજા અશોકની પવિત્ર આજ્ઞાવાળા શિલા લેખ આવતાં અમે ત્યાં જરા અટક્યા. આ શિલા લેખ ઉપર નામદાર નવાબ સરકાર તરફથી સુંદર મકાન બંધાવવામાં આવ્યું છે. મારા બાપાએ મને મહારાજા અશોકની નાની વાત કહી. તેથી મને બહુ મઝા પડી. જો કે શિલાલેખના અક્ષર ગુજરાતીમાં ન હોવાથી હું તે વાંચી શક્યો નહિ.

હવે અમે પવિત્ર દામો કુંડ પાસે આવી પહોંચ્યાં. ગિરનાર પર્વત પર જતાં પહેલાં દામોદર કુંડમાં સ્નાન કરવાનો રિવાજ હોવાથી અમે ઝટપટ નાહી લીધું, ને મંદિરમાં દામોદર ભગવાનનાં દર્શન કરી બનતી ઉતાવળે અમે ગિરનાર પર્વતને ભેટવા ચાલી નીકળ્યાં.

રસ્તામાં ભવેશ્વર મહાદેવનું પ્રાચિન શિવાલય આવ્યું. અહીં નવાઈ ઉપજાવે એટલાં બધાં વાંદરાંના ટોળાં ઠેર ઠેર નાચતાં ને કુદતાં જોવામાં આવ્યાં. હું અને કુસુમ તો તેજ જોવામાં તલ્લીન થયાં. આ બધો વખત અમારી ગાડી તો ચાલુજ હતી. થોડાજ વખતમાં ગિરનારની તળેટીમાં અમે આવી પહોંચ્યાં, અહીં ઉભા રહેતાં ચારે બાજુએ પર્વતની ધારો હારબંધ વિંટળાએલી હતી. એથી ઘડીભર એમ લાગતું કે જાણે અમે પર્વત ઉપરજ ન હોઇએ? અમે હવે તો છેક પર્વતના દરવાજા પાસે જઇ પહોંચ્યાં.

ગાડીમાંથી સૌ નીચે ઉતર્યાં. મેળો હોવાથી આજે અહીં માણસોની બહુ ભીડ હતી. અમારે હવે ઉંચે ચઢ-

વાનું હોવાથી ગાડીવાળાને અમે રજા આપી. તેવામાં મારી પાસે એક સરકારી માણસ આવ્યો, તેણે માણસ દીઠ ચાર દોકડા કર માગ્યો. અમે તે આપીને રસીદ લીધી.

(૩)

પર્વતનું ચઢાણ મુશ્કેલીવાળું હોય છે. તેમાં વળી વળી અમે બે બાળકો સાથે હોવાથી અમારે એક ડોળી ભાડે કરવી પડી, મારા બાપાએ અમને ડોળીમાં બેસવાની ઈશારત કરી પણ "અમે થોડીવાર પછી બેસીશું." એમ કહી અમે સૌએ પર્વત પર ચઢવાની શરૂઆત કરી.

દરવાજામાં ઉભા રહી નજર કરી તો. કાળા પત્થરનાં પગથીઆંની હાર ઘણે છેટે સુધી દેખાતી હતી. આ પગથીઆં હાલમાં નવાં બંધાયાં છે. આશરે પંદર, સોળ માણસ હારમાં ચાલી શકે તેટલી તેની પહોળાઇ છે. બે બાજુએ ઘુંટણપુર પાળો બાંધેલી છે કે જેથી નીચે પડી ન જવાય.

પૂરાં પચાસેક પગથીઆં ભાગ્યેજ ચઢયાં, ત્યાં કુસુમ બેન થાકયાં. આપણું મન પણ ડગમગ થતું હતું. એટલે અમે બંને ડોળીમાં બેઠા. અને અમારો સાથ આસ્તે આસ્તે ઉપર જવા લાગ્યો. પગથીઆં ચઢતાં થોડે થોડે અંતરે સપાટ જમીન આવે છે. જેથી થાક જરા નરમ પડે છે.

રસ્તાની બંને બાજુએ કરમદાં, વાંસ, શુંદી, રાયણો જાંબુડાં વગેરેનાં ઝાડોની ઘટા જામી રહી હતી. તે ઉપર

મઝાનાં પાકાં ફૂળો લટકતાં જોઇ, મારૂં મોં પાણી પાણી થઇ જતું. પરન્તુ લાચાર કે તે આપણાથી લઈ શકાય તેમ ન હતાં. જો તેને લેવા જઈએ અને નીચાણમાં ગબડી પડીએ તો ભોગ મળે.

આનંદમાં કલ્લોલ કરતાં અને મીઠી મીઠી વાતો કરતાં અમે તો ઉપરે ચઢયાં જતાં હતાં.

થોડે દૂર જતાં તો પત્થરોના પોલાણ ભાગથી બનેલું એક મઢી જેવું મંદિર અમે જોયું. તેના બારણા પર સિંદુરથી "ભરથરીની ગુફા" આવું ગુજરાતીમાં લખેલું મેં વાંચ્યું. કહેવાય છે, કે આ ગુફાનું બીજું મોઢું આબુ પર્વત પર હતું. અને ઉજ્જનના રાજા ભરથરી આ ગુફામાં તપ કરતા હતા. અમે તેમાં જઈને જોયું, તો અંધારાં સિવાય બીજું કંઇ જોવામાં ન આવ્યું. આ જગોપર અમે થોડું ખાવાનું ખાઇને શીતળ પાણી પીધું.

આ જગા છોડયા પછી આગળ ચાલતાં એવા રસ્તામાં થઇને જવું પડે છે કે ડર લાગ્યા વગર રહે નહિ, પગથીઆની એક બાજુએ નજર કરતાં છેક તળેટીના ઉંડી ખો. જોવામાં આવે છે. અહીંથી નીચે નજર કરતાં હૈયું સ્થિર નજ રહે. ભૂલે ચુકયે જો કોઈ માણસ લુથડયો, તો તેનું મડદું પણ નીચે જવા ન પામે કેમકે ત્યાં મોટાં મોટાં ગીધ પક્ષીઓ એટલાં બધાં છે, કે તેને અધરને અધર ફાડી ખાઇ જાય.

આમ વિચારમાં ને વિચારમાં હું તો ગરક બની ગયો હતો. તેવામાં અમારી ડોળી ગિરનાર પર્વત પરના પુરાણા ઉપર કોટમાં આવી પહોંચી.

ઉપર કોટમાં અમે ઘણું ઘણું જોયું. અંહી એક નાનું સરખું ગામ વસેલું છે. જરૂર જોઇતી ચીજો પણ અંહીથી મળી શકે છે. અહીં એટલાં બધાં દહેરાં છે, કે તે ગણી પણ શકાય નહિ. તે માંહેના ઘણાં ખરાં દહેરાં જૈનોએ બંધાવેલાં છે. તેમાં નેમીનાથજીનું દેહરૂં વધારે આકર્ષક છે. અંહીંની મુખ્ય જગાઓમાં રાણકદેવીનો મેહેલ, સેવાદાસની જગા, ગૌ મુખી ગંગાનું પવિત્ર સ્થાન, તથા બ્રહ્મકુંડ, સૂર્ય-કુંડ વગેરે વગેરે ઘણું જોવા લાયક છે. સૌથી સરસ અને મનને શાંતિ અને સુખ મળે તેવું સ્થાન ગૌમુખી ગંગાનું છે. પત્થરની કોરણીવાળાં ગાયના મોઢાંમાંથી નિર્મળ પાણીનો પ્રવાહ નિરંતર આવ્યા કરે છે. અહા તે પાણીની શી મીઠાશ ! અમે તો સૌએ ધરાઇ ધરાઇને તે પાણી પીધું અને શાંત થયાં. હજુ અમારે આગળ જવાનું હોવાથી અમે વધારે ન રોકાતાં ઉપર જવાનું શરૂ કર્યું.

ઉપર કોટની સપાટ જમીન અને દેહરાંની શોભાને જોતાં જોતાં અમે ગિરનાર પર્વતના પહેલા શિખર નજીક આવી પહોંચ્યાં. થોડે દૂરથી ઉંચે નજર ફેંકતાં, એક બાળ-બાણું છોયેલું અંબાજી માતાનું મંદિર અમારા જોવામાં

આવ્યું જેમ જેમ નવું નવું જોવાનું મળતું, તેમ તેમ મારી જીજ્ઞાસા વધતીજ જતી હતી. હવે તો અમે અંબાજી માતાનાં મંદિરમાં આવ્યાં. સૌ માતાજીનાં ચરણોમાં ઢળ્યાં. ભેટ ધરી. ખુશી થયાં.

મંદિરની અગાશી પરથી ગિરનાર પર્વત, તેની તળેટી, જુનાગઢ શહેર અને આજુબાજુનો દેખાવ અત્યંત મોહક લાગતો હતો. જુનાગઢ શહેરનાં ભવ્ય મકાનો મોટા કિલ્લાઓ સર્વે નાના નાના છુટા છવાયા પથરા જેવા જણાતાં હતાં ઘણે દૂર સુધીનાં ગામડાંઓ, નદીઓના લીસોટા અને રસ્તાઓના ઝીણી દોરી જેવા દેખાવો, જોઇને હું તો દીંગજ બની ગયો.

અહીંથી બીજાં શિખરપર જવા સારૂ નીચે ઢોળાણ ઉતરી પાછા ઉપર ચઢવું પડે છે. અહીંથી બીજું શિખર “ હનુમાન ધારા ” એ નામે ઓળખાય છે. ઘણો લાંબો રસ્તો ચાલીને અમે તે શિખરે ગયા. અહીં ખાસ ધ્યાન ખેંચે તેવું જોવા જેવું નથી. પણ ત્રીજું શિખર કે જે જગો ગુરૂ દતાત્રયને નામે પ્રખ્યાત છે, તે સ્થાનનું મહાત્મ્ય બહુજ ગણાય છે. અહીં ગયા એટલે ગિરનારની જાત્રા પુરી થઈ ગણાય છે. ગુરૂ દતાત્રયનાં શિખરનો ચઢાવ તદ્દન સીધો અને ભય ભરેલો છે. જો જરાક નજર ચૂકાય, તો નીચે લથડીને ક્યાં પડીયે તેની કલ્પના પણ થઇ શકે તેવું નથી.

અમે તો આનંદમાં ગુલતાન કરતાં ગુરૂ દત્તાત્રયની પવિત્ર પાદુકાનાં દર્શન કરવા ભાગ્યશાળી થયાં. અહીં એક નાની દહેરીમાં માત્ર દત્તાત્રયનાં પગલાં છે. તથા એક જુનો પુરાણો ઘંટ છે. ગુરૂ દત્તાત્રયની વાત મારા બાપાએ અમને કહી સંભાળાવી. અમે બધાં ફરી ફરીને તે ચરણોમાં ઢળી પડયાં.

અહીં અમારી જાત્રા પુરી થઇ. કેમકે આથી દૂર જવું જોખમકારક કહેવાય છે. અહીંથી આઘે અઘોરી બાવાઓનો વાસ છે. ત્યાં જતાં માણસો ડરે છે. એવી જગાએ અમો પણ નજ ગયા.

આવ્યા હતા તેજ રસ્તે પાછા ફરી અમે અમારે ઘેર પહોંચ્યાં. લાંબા વખતની મારી ઇચ્છા પુરી થઇ. એટલે મને આનંદ થાય તેમાં શી નવાઈ?

જાય વ્યંકટ તેનાં જાય સંકટ.

(૧)

આ કહેવત ઉપર વિશ્વાસ રાખીને મારા પિતાજીએ વ્યંકટેશનાં દર્શન કરવા જવાનો ચોકસ વિચાર કર્યો. મારાં માતુશ્રી ઘણા દિવસથી વ્યંકટેશ (બાલાજી) નાં દર્શન કરવા ઉત્સુક બની રહ્યાં હતાં. અને મારી ઉછળતી ઇચ્છાની તો વાતજ છોડો.

દસ પંદર દિવસ થયાં મારૂં શરીર સાજું માંદું રહ્યું કરતું હોવાથી, ડાકટરે હવા બદલો કરવાની પિતાજીને સલાહ આપી હતી, તેથી આજે રાત્રે વાળુ કર્યા પછી મારા પિતાજીએ ઘરનાં સૌ માણસોને દિવાનખાનામાં બોલાવ્યાં. અને વ્યંકટેશની યાત્રાએ જવાનો વિચાર જણાવ્યો.

વિનોદભાઇએ કહ્યું:—પિતાજી આપણે ક્યારે જઇશું ?

આવતી કાલે સવારની ૭ વાગ્યાની ટ્રેનમાં. એવો પિતાજી તરફથી પ્રત્યુત્તર મળ્યો. અને તેમણે રસ્તાને માટે ભાથું (નાસ્તો) તૈયાર કરવાની કુસુમ ભાભીને આજ્ઞા કરી.

વિનોદભાઇએ એકદમ જવાનું કારણ પૂછ્યું. તો કહ્યું કે લલિતાની તબીયત સારી રહેતી નથી, તેથી ડાકટરે જેમ બને તેમ જલદીથી જવાની સલાહ આપી છે. માટે આવતી કાલેજ જવું એમ મારી ઇચ્છા છે.

કોણ કોણ જઇશું ? પિતાજી ! મારી કુસુમ ભાભીને સાથે લેજો હો તેમના વિના મને તો લગારે ચેન નહિ પડે. પથારીમાં સુતેલી લલીતા એકદમ બોલી ઉઠી.

મનસુખરામે કહ્યું:—હા. બ્હેન હું, તું, તારી બા, વિનોદભાઈ અને તારી કુસુમ ભાભી બધાં જવાનાં છીએ. મુસાફરી કરવાથી તારી તબીઅત સુધરી જશે અને એ નિમિત્તે યાત્રા પણ થશે.

પછી મારી બા, તથા વિનોદભાઇ મુસાફરીમાં સાથે લઈ જવાનાં કપડાં કબાટમાંથી કાઢી ટ્રંકમાં ગોઠવવા લાગ્યાં. કુસુમ ભાભી નાસ્તો તૈયાર કરવાના કામમાં પડયાં. અને મારા પિતાજી, વિનોદભાઈના સસરા ધર્મપ્રસાદ શર્માને ઘેર મળવા તથા આવતી કાલે યાત્રાએ જવાના ખબર આપવા ગયા. હવે હું તો એકલી એકલી વિચાર કરવા લાગી.

ટ્રેનમાં બેસીને મુસાફરી કરવાનું મને બહુ ગમતું હતું. વળી નવું નવું જોવાની પણ મને બહુ ઇચ્છા થતી હતી. તેથી હું તો આનંદના વિચારો કરવા લાગી, આમ વિચારોમાં મને ઉંઘ આવી ગઇ.

(૨)

સવારે સૌ વ્હેલાં ઉઠયાં. મારી કુસુમભાભીએ સૌથી પહેલાં ઉઠીને રસોઇ તૈયાર કરી રાખી હતી. અમે સૌએ સાથે બેસીને જમી લીધું. જમીને પાન સોપારી ખાતાં હતાં

ત્યાં ના[illegible]ી. ગાડીની ઘંટડીનો અવાજ સંભળાયો. વિનોદભાઇએ બારીમાંથી જોયું તો જણાયું કે—તે ગાડી તેમના સસરા તરફથી અમારે માટેજ આવેલી હતી. એટલે અમે સૌ જલદી જલદી તૈયાર થઈ ગયાં. ગાડીવાળો ઉપર આવ્યો. અને ટ્રંકો, બિસ્તરો તથા નાસ્તાનો ડબો લઈ નીચે ગયો. સામાન ગાડીમાં ગોઠવ્યો. અમે સૌ ગાડીમાં બેઠાં અને ગાડી સ્ટેશન તરફ દોડાવી.

થોડીવારમાં અમે સ્ટેશનપર આવી પહોંચ્યા. પિતાજીએ વિનોદભાઈને રૂ. ૧૦ ની નોટ આપી ને ત્રિપતિ સ્ટેશનની સેકન્ડ કલાસની ટિકીટો મંગાવી.

હું અને કુસુમભાભી ધીમે ધીમે પ્લૅટફૉર્મપર ફરવા લાગ્યાં અને ગાડીની રાહ જોવા લાગ્યાં. વિનોદભાઈને ટિકીટો લઈને આવતા જોઈ અમે નણંદ ભોજાઈ પિતાની પાસે વેઇટીંગ રૂમમાં ગયાં.

થોડીવારે ટ્રેન આવી પહોંચી. મજુરપાસે સામાન ઉંચકાવી, સેકન્ડકલાસનો ડબો ઉઘાડી અમે સૌ બેઠાં—થર્ડકલાસમાં માણસની ભીડ વધારે હોય છે, એમ ધારીનેજ મારા પિતાજીએ સેકન્ડકલાસની ટીકીટો લીધી હતી.

હું અને કુસુમભાભી ખુલ્લી બારીમાંથી આસપાસનો સુંદર દેખાવ જોતાં આનંદ કરતાં હતાં. લગભગ બપોરના બે વાગે અમે ત્રિપતિ સ્ટેશને ઉતર્યાં.

(૩)

હવે મારી તબીઅતમાં મને કંઈક ફેર જણાવા લાગ્યો. ભૂખ પણ લાગી, સ્ટેશનથી, સામાન ઉંચકાવી. થોડેક દૂર એક ધર્મશાળા હતી. ત્યાં અમે ગયાં થોડીવાર વિશ્રાંતિ લીધા પછી, સૌએ થોડો થોડો નાસ્તો કરી લીધો.

આ ધર્મશાળાના માલીકની ચીઠ્ઠી સિવાયના મુસાફરોની સંભાળ બહુ ઓછી લેવાતી હતી. પણ અમારા સંબંધમાં તેવું કંઇ નહોતું. અમે તો ત્યાં ગયાં કે તુરત ધર્મશાળાના બે ચોકીદારો અમારી પાસે આવ્યા હતા અને બે ઓરડા ખોલી આપ્યા હતા. અમારી પાસે બિછાનામાં એક નાનું ગાદલું બે શેત્રંજી અને બે તકીઆ સિવાય બીજું કંઈ નહોતું; પરંતુ ધર્મશાળાના ચોકીદારોએ પાંચ ગાદલાં ઓછાડ અને તકીઆ કાઢી આપ્યાં હતાં.

રાત્રે જમવાની કોઇની રૂચી નહોતી. તેથી દૂધ મંગાવી સૌએ પી લીધું.

ધર્મશાળાની ઓસરી પરથી વ્યંકટગિરિનાં દર્શન થતાં હતાં, સાંજ પડી, એટલે મારા પિતાજીએ ધર્મશાળાના એક ચોકીદારને બળદનું ગાડું ભાડે કરી લાવવા કહ્યું.

ચોકીદારે કહ્યું. હું પોતે ગાડું રાખું છું અને વખતે વખતે ભાડાનું કામ કરૂં છું. તેથી હું પોતેજ વ્યંકટગિરિ

છું." "ત્રીશું સવારે વહેલા પરોઢીઉં થયે ચાલીશું. તો આઠ વાગ્યા પહેલાં વ્યંકટેશ (બાલાજી) નાં દર્શન કરી શકશો.

અહીંથી કેટલેક દૂર હશે ? મારા પિતાજીએ પૂછ્યું. લગભગ સાતેક માઇલ છે. આમ કેટલીક વાતચીત કર્યા પછી ચોકીદાર સૂઇ રહેવા ગયો અને અમે પણ સૂઇ ગયાં.

(૪)

પરોઢીએ ગાડાવાળો ચોકીદાર અમને બોલાવવા આવ્યો. અમે તો તૈયારજ હતાં ટ્રંક વગેરે ગાડાંમાં ગોઠવીને અમે તેમાં બેઠાં. ચાલતી વખતે બીજા ચોકીદારને બોલાવી મારા પિતાજીએ રૂપિયો એક મિઠાઇનો તેના હાથમાં આપ્યો. તેથી તે ખુશી થયો.

વ્યંકટગિરિ તરફ જવાનો માર્ગ સુંદર હતો. બંને બાજુએ ઝાડની સુંદર ઘટાઓ શોભી રહી હતી. અમારા ગાડાં સાથે બીજાં બે ગાડાં ચાલતાં હતાં. તેની અંદર બેઠેલાં માણસોને વ્યંકટગિરી જવાનું હતું.

પક્ષીઓનો કિલકિલાટ કાનને મધુર લાગતો હતો. ધીરો પણ મધુરો પવન મને તો બહુજ પ્રિય લાગતો હતો. બળદ ધીમે ધીમે રસ્તો કાપતા હતા.

થોડી વારે મોં સુઝણું થયું. પૂર્વ દિશામાં ભાતભાતના રંગ દેખાવા લાગ્યા. તે વખતે અમે કપિલતીર્થના કુંડે

આવી પહોંચ્યાં હતાં. એ કુંડમાં કપિલધારાનો જળધોધ પડતો હતો. અમને ત્યાં આગળ ઉતરી નહાવાની ઇચ્છા થઇ તેથી ગાડુ ઉભું રખાવ્યું. અને સૌએ નહાવા માટે કપડાં બદલ્યાં. અને મારા પિતાજીએ પૂછ્યું, કેમ

બ્હેન લલીતા ! તારે નહાવું છે ?

મેં ખુશીથી હા પાડી.

કપિલતીર્થના કુંડમાં માછલાંઓ ઘણાં છે. અને પાણી ઘણુંજ ચોકખું છે. કપિલધારાના અવાજથી તથા દેખાવથી એ ઠેકાણું બહુજ સુંદર લાગે છે. અમે કુંડના કાંઠે બેસી નાહ્યાં. મારા પિતા તથા વિનોદભાઇએ નાહીને કુંડના કાંઠા પર બેસી સંધ્યાવંદન કરી લીધું. પછી કપડાં પહેરી સૌ તૈયાર થયાં.

(૫)

પર્વત ઉપર ચઢતાં પહેલાં અમને ગાડાવાળાએ કહ્યું કે વ્યંકટગિરિ ઉપર જોડા પહેરીને જવાતું નથી. માટે જોડા ઉતારીને જાઓ. હું અહીંજ રહીશ. કેમકે ગાડું વગેરે મૂકીને મારાથી પર્વત ઉપર અવાશે નહિ. તમે નિરાંતે દર્શન કરી આવો. અમે અમારો સામાન તેને સોંપી પર્વત ઉપર જવા તૈયાર થયાં.

હું મારી બા તથા કુસુમ ભાભી ચાલીને પર્વત ઉપર શકીએ તેમ ન હોતું. એટલે વિનોદભાઇએ ડોળીવા-

બાર- બોલાવ્યા. અને અમને ડાળીમાં બેસવા કહ્યું. હું તથા કુસુમલાલી એકજ ડાળીમાં બેઠાં અને મારી બા જુદી ડાળીમાં બેઠાં. ડાળીવાળાઓએ ચાલવા માડયું. જરા આગળ ચાલ્યા ત્યાં આસપાસનાં સુંદર ઝાડ જોવાની અમને તો બહુજ મઝા પડી. રસ્તામાં ખડ ચંપાના પુષ્કળ ઝાડ હતાં.

ત્યાં ગિરીની કાળી શિલાઓ શોભી રહી હતી. તે શિલાઓમાં યાત્રાળુ લોકોનાં નામો અનેક ભાષામાં કોતરેલાં નજરે પડતાં હતાં. પર્વત ઉપરની લીલોતરી ચોતરફ શીતળતા ફેલાવતી હતી. સુર્યનારાયણ દેખાતા હતા. થોડીવારે સોપાનની (સીડી) હારો આવવા લાગી. આ માર્ગ જરા વિકટ હતો, ડાળીવાળાઓને આ માર્ગમાં ઘણી મહેનત કરવી પડવી હતી, ત્યાંથી લગભગ પાએક માઇલ ગયા ત્યારે ડાળીવાળા થાક્યા. તેઓ બિચારા પરસેવાથી નાહી રહ્યા હતા. એટલામાં વૈકુંઠ ધામ આવ્યું.

વૈકુંઠધામ એ વિસામાનું ઠેકાણું છે. ડાળીવાળાએ ડાળી નીચે મૂકી અમે નીચે ઉતર્યા, આ ઠેકાણે મને કંઈક જુદીજ જાતનો આનંદ થવા લાગ્યો. ભિખારીઓ પંખાથી પવન નાંખી પાઈ પૈસો માગવા લાગ્યાં. આ સ્થળે “ ગોવિંદા ગોવિંદા ” અવાજ સંભળાવા લાગ્યા ! નીચે જોવાથી ત્રિપતિ ગામ નાનું સરખું દેખાતું હતું.

જરા વિસામો ખાઈ ડાળીવાળા તૈયાર થયા.

ડાળીમાં બેઠાં. પછી તેઓ ચાલવા લાગ્યાં. રસ્તે વળી જાતનાં ફુલની સુગંધીથી મગજને ઘણી શાન્તિ થતી હતી. વળી રસ્તામાં ભિખારીઓનાં ટોળેટોળાં "પ્રાણ આપો પાઇ આપો," કહેવા લાગ્યાં.

(૬)

જરા વારમાં ડાળીવાળા પોકારી ઉઠ્યા "આવ્યું આ આવ્યું બાલાજી વ્યંકટેશનું દહેરૂં આવ્યું.

અમે ડાળીમાંથી નીચે ઉતર્યાં. અને પિતાજી, મોટાભાઇ, મારી બા તથા કુસુમ ભાભી સૌ સાથે મળી બાલાજીનાં મંદિરમાં દર્શન કરવા ગયાં.

દહેરામાં ઉંચા થાંભલાપર પીળી ધજા ફરકતી હતી. મંદિરમાં સિંહાસન ઉપર બાલાજી વ્યંકટેશની મોટી મૂર્તિ વિરાજી રહી હતી. બન્ને બાજુ ઘીના દીવાઓ બળતા હતા. વ્યંકટ પ્રભુના ગળામાં ફૂલના હાર પહેરાવેલા હતા. તેમાં એક સૌથી મોટો કમળના ફૂલનો હાર હતો. અમે પણ પ્રભુની મૂર્તિના ગળામાં હાર પહેરાવ્યા.

મંદિરની આસપાસ કેટલાંક ઘરો હતાં. તેથી પર્વત ઉપર નાનું ગામડું વસેલું હોય, એમ જણાતું હતું. અહીં લાલ મોઢાનાં વાંદરાંઓ ઘણાં હતાં. તેઓ મંદિરમાં, શેરીઓમાં અને ઘરોમાં ચોતરફ કુદકા મારતાં ફરતાં હતાં.

એક મોટું તળાવ હતું. તેના કિનારાના ઝાડ ઉપર વાંદરાંઓ હતાં.

૧૦ાઃ અમે તળાવના કિનારાપ
ી વિનોદભાઈએ કહ્યું "અહીંથી
તરફ જવાનું છે ચાલો તૈયાર .જાઓ
ઉન !'

ઉઠા. ુસુમ ભાભીને સાથે લઈ ડોળીમાં બેઠી. મારી બા પણ ડોળીમાં બેસી ગયાં. સૌએ મનોહારિણીને રસ્ત ચાલવા માંડયું. બાલાજી વ્યંકટેશથી આ નદી લગભગ ત્રણ ચારેક માઇલ દૂર છે.

(૭)

અમે બાર વાગે મનોહારિણી આગળ આવી પહોંચ્યાં. આ નદી ઉંચી શિલાપરથી વહેતી હોવાને લીધે તેનો ધોધ ણો સુંદર પડે છે. અને જોર પણ ઘણું છે. મન થાય તેવી જગા છે. પણ પ્રથમ આ ચાલી નહિ.

જાત્રાળુઓની સગવડ માટે ઘોધવા સાંકળો જડી દીધી છે. તે પકડીને જાત્રાળુઓ ન્હાય છે. 'એ નદીમાં ન્હ નાશ પામે છે.' એવી માન્યતા છે મોહિની " કહે છે.

આ સ્થળે એક ઝાડની ઘટા નીચે શે અમે બેઠાં. વિનોદભાઇ તથા મારા પિત

ાણી શિલાઓપર પુર જોસથી પડ
માણસો ન્હાતાં હતાં તેથી અમ
વાના . થઈ. મારી બા, કુસુમભાભી
બદલાવી ન્હાવા ઉતર્યાં.

ન્હાવાની જગાએ લપસણું ઘણું હોવા . . . , બાળકો અને અને સ્ત્રીઓ અનેકવાર પડી જતાં હતાં. છતાં કોઈ નાહ્યા વિના રહેતું નહિ.

અમે નાહી રહ્યાં, કપડાં બદલાવ્યાં, ત્યાં મારા પિતાજી .થા વિનોદભાઈ નાહીને આવ્યા. સૌને ભૂખ ઘણી લાગી હતી, તેથી પાણીના લોટા ભરી નાસ્તો કરી લીધો.

આહા! આ સ્થળ કેવું સુંદર! ધન્ય છે પ્રભુ તમારી
લાને! આ સ્વર્ગ જેવું સ્થાન જોઈ કોને આ.
? અમને બહુ મજા પડી. પછી અમે પર્વત
ાડું તૈયાર હતું. તેમાં બેસી ત્રિપાત પાછાં
ામે એકાદ અઠવાડીઉં રોકાયાં. એટલા વખ-
ાણી સુધરી ગઈ હતી. પછી ટ્રેનમાં
. આવ્યાં મુસાફરી કરવાથી અનેક જા-
પરિચય થાય છે, કેટલુંક જોવાનું
અને પુષ્કળ પવિત્ર સ્થળો જોઈ આ.
. કેમ ખરૂં કે નહિ? મારા બાળ મિત્રો